SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com

# ગાંધીજીનું શિક્ષણ ક્ષેત્રે પ્રદાન

ડૉ. વાલીબેન કરમટા

**શિક્ષણક્ષેત્રે પ્રદાન :-**

ગાંધીજીએ પોતાનાં જીવન અને વિચારની પ્રેરણા માટે પૂર્વ- પશ્ચિમ કે પ્રાચીન-અર્વાચીનના ભેદ રાખ્યો નહોતા. વ્યકિત કે સમાજને માટે શ્રેયસ્કર એવો કોઈ પણ વિચાર, પછી એ પૂર્વનો હોય કે પશ્ચિમનો, પ્રાચીન હોય કે અર્વાચીન, એનો લાભ ઉઠાવતાં કોઈ એમને અટકાવી શકે તેમ નહોતું એમના શૈક્ષાણિક વિચારોના ઘડતરમાં રસ્કિન અને ટોલ્સ્ટોયના ગ્રંથોની અસર હતી એ એક હકિકત હોવા છતાં, એમના ઘણાખરા વિચારોની જેમ, એમના શિક્ષણ વિષયક વિચારોનાં મૂળ પણ પ્રાચીન ભારતીય શૈક્ષાણિક પરંપરામાં રહેલા હોય એમ લાગે છે. એટલે ગાંધીજીના શૈક્ષાણિક વિચારોને યથાર્થ રીતે સમજવા હોય તો, પ્રાચીન ભારતીય શિક્ષાણ-પરંપરા કેવી હતી, ભારતમાં અંગ્રેજી શાસન દરમિયાન એ પરંપરાના રહયાં રહયાં મૂલ્યો કઈ રીતે તૂટયાં અને દેશની પ્રવર્તમાન શૈક્ષાણિક સમસ્યાઓના ઉકેલ અર્થે ગાંધીજીએ એ પરંપરાગત મૂલ્યોને પ્રયોગો દ્વારા કેવી રીતે પુનર્જીવિત કર્યા ને વિકસાવ્યાં, એ જાણવું આવશ્યક બને છે.

**(૧) ગાંધીજીના શૈક્ષાણિક પ્રયોગો (દક્ષિણ આફ્રિકામાં)**

ગાંધીજીએ ઈ.સ.૧૮૯૭ માં ૨૮ વર્ષની વયે પ્રથમવાર કેળવણી વિશે વિચારવાનું શરૂ કર્યુ અને જીવનના અંત સુધી એટલે કે પુરા પચાસ વર્ષ એ વિશેનું એમનું ચિતંન અને પ્રયોગો ચાલતાં રહયા. એમણે કયારેય કેળવણીકાર હોવાનો દાવો કર્યો નથી. છતા એ કેવા મોટા ક્રાંતિકારી કેળવણીકાર હતા એની પ્રતીતિ એમના શૈક્ષાકિણ પ્રયોગોથી થયા વગર રહેશે નહી.

દક્ષિાણ આફ્રિકામાં ગાંધીજીને બે પ્રાશ્રાત્વ સાહિત્ય સ્વામીઓ- રસ્કિન અને ટોલ્સ્ટોયના ગ્રંથોનું અધ્યયન કરવાનો અવસર મળ્યો. એ બન્ને મનીષીઓનાં વિચારોથી તેઓ એટલા તો પ્રભાવીત થયા કે એમના એ વિચારોના અમલ માટે એમણે ફિનિકસ આશ્રમ અને ટોલ્સ્ટોય આશ્રમની સ્થાપના કરી. આ બન્ને આશ્રમોમાં સત્યાગ્રહી કાર્યકરોનાં, પ્રેસના કાર્યકરોનાં, પોતાનાં અને પોતાની શ્રધ્ધા રાખનાર કેટલાક સ્નેહીઓનાં બાળકો હતાં. સંસ્થાના એક વાલી તરીકે એ બાળકોના શિક્ષાણની જવાબદારી ગાંધીજીને શિરે આવી.

બન્ને આશ્રમોમાં નોકર નહોતા. બન્ને જગાએ જાજરૂ સફાઈથી માંડીને રસોઈ સુધીના કામો જાતે કરવામાં આવતાં. ઉપરાંત, ખેતરોમાં ખાડા ખોદવા, ઝાડોનું વાવેતર કરવું. ઝાડોને પાણી પાવું, ઝાડ કાપવાં, બોજા ઉંચકી જવા વગેરે કામો રહેતાં. અનુભવે ગાંધીજીએ શિક્ષાણનો એક મહત્વનો સિધ્ધાંત તારવ્યો કે, જે કામ શિક્ષાક જાતે ન કરે તે બાળકો પાસે પણ ન કરાવે. એટલે કે શ્રમકાર્યમાં શિક્ષાકે વિદ્યાર્થીઓની સાથે નહિ, એમની આગળ જોડાવવું જોઈએ. મુખ્ય શિક્ષાક તરીકે ગાંધીજી શ્રમકાર્ય વખતે શ્રમનાં સાધનો સાથે વિદ્યાર્થીઓને લઈને શ્રમકાર્ય માટે જતા અને પૂરા બે કલાક એકધારું શ્રમકાર્ય કરતા. વિદ્યાર્થીઓ કામમાં આળસ કરે કે ટોળપ્પાં કરે તો પ્રેમથી કહેતા, 'આપણે આટલું કામ પૂરું કરીને જ જવાનું છે. જો તમે આળસ કરશો તો મારે એ પૂરું કરવા રોકાવું પડશે.'

ગાંધીજીના શિક્ષાણકાર્યમાં બુદ્ધિ ને શ્રમના કાર્યમાં ભેદ નહોતો, એ વાત તેઓ પોતાના જીવનના ઉદાહરણથી બતાવતા. તેઓ ભાષા શીખતા અને ભાષાનો વર્ગ પૂરો થતાં સીધા રસોડામાં પહોંચી જતા ને રોટલી બનાવવા લાગી જતા. એમાં તેઓ એવા તો લીન થઈ જતા કે આજુબાજુની પરિસ્થિતિનું ભાન ભૂલી જતા. આમ, પોતાના આચરણથી વિદ્યાર્થીઓમાં શ્રમ પ્રત્યેનો પ્રેમ પેદા કરતા.

**(૨) ગૂજરાત વિદ્યાપીઠમાં રાષ્ટ્રીય શિક્ષાણનો પ્રયોગ :-**

**રાષ્ટ્રીય શિક્ષાણનાં પ્રેરક પરિબળ**

આધુનિક શિક્ષણ પદ્ધતિ દેશને કોઈ રીતે પોષાક નથી બલકે નુકસાનકારક છે, એની પ્રતીતિ તો ગાંધીજી દક્ષિણ આફ્રિકા હતા ત્યારથી એમને થઈ ચૂકી હતી. પરુતં ભારતના એક વર્ષના પરિભ્રમણથી અંગ્રેજી શિક્ષણપદ્ધતિનાં નીચેના દૂષણો એમની નજર સામે તાદશ થયાં :

૧. ચાલુ શિક્ષણપદ્ધતિ સર્વથા અન્યાયી સરકાર સાથે સંબંધ ધરાવે છે.

૨. એનું મંડાણ પરદેશી સંસ્કૃતિના પાયા પર થયેલું છે અને આ દેશની સંસ્કૃતિને એમાંથી લગભગ બાદ જ રાખવામાં આવી છે.

૩. હ્રદય અને હાથી કેળવણી પ્રત્યે દુર્લક્ષા કરે છે અને કેવળ બુધ્ધીની કેળવણી પર જ લક્ષ્ય આપે છે.

૪. તે પરદેશી માધ્યમ દ્વારા આપવામાં આવે છે. પરિણામે છોકરાઓના મગજને બેહદ તાણ પડે છે.

૫. નિશાળોમાં કશું નૈતિક-ઘાર્મીક શિક્ષાણ અપાતું નથી.

૬. અંગ્રેજી ભણેલા લોકોનું લક્ષ્ય સરકારી નોકરી પર મંડાયેલું છે.

૭. આ શિક્ષણને લીધે મૂઠીભર ભણેલા અને આમ જનતા વચ્ચે ખાઈ ઉભી થઈ છે.

૮. કોલેજનો ક્રમ પૂરો કર્યા પછી બુદ્દિધ શૌર્યહીન બને છે અને શરીર નમાલાં થઈ જાય છે.

૯. અંગ્રેજી શિક્ષાણ લેવાનું શરૂ કરતાં જ આપણી ભાષા ભૂલવાનું શરૂ કરીએ છીએ. કેટલાકને બાપૂકી ભાષા પર તિરસ્કાર ઉપજે છે.

૧૦. અંગ્રેજી શિક્ષણ લઇને આપણે પ્રજાને ગુલામ બનાવી છે.

**ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના**

ઉપરના ઠરાવને અમલી રૂપ આપતા ગાંધીજીએ 'અસહકાર આંદોલન દરમિયાન દેશમાં ગૂજરાત વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ, બિહાર વિદ્યાપીઠ, જામિયામિલિયા વિદ્યાપીઠ અને ટિળક વિદ્યાપીઠ એમ પાંચ રાષ્ટ્રીય વિદ્યાપીઠો શરૂ કરી અને વિદ્યાર્થીઓને શાળા-કોલેજો છોડી રાષ્ટ્રીય સંસ્થાઓમાં જોડાઈ જવાની અપીલ કરી. એને અદભુત પ્રતિસાદ મળ્યો. વિદ્યાર્થીઓએ પોતાની ઉજજવળ કારકીંદીનો ત્યાગ કરીને તથા મા-બાપનો વિરોધ વહોરીને રાષ્ટ્રીય વિદ્યાપીઠોમાં જોડાઈ ગયા.

ઉપરોકત પાંચ વિદ્યાપીઠોમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના ગાંધીજીને હસ્તે સૌ પ્રથમ થઈ.

**વિદ્યાપીઠનાં ધ્યેયો :**

પ્રચલિત અંગ્રેજી શિક્ષાણપધ્ધતિ કરતા વિદ્યાપીઠની રાષ્ટ્રીય શિક્ષાણ પદ્ધતિ મૂળભૂત રીતે કયાં જુદી પડે છે. તેની પ્રતીતિ વિદ્યાપીઠના ધ્યેયો જોતાં સહેજે સમજી શકાય છે.

૧. વિદ્યાપીઠનું કામ સ્વરાજપ્રાપ્તીને સારુ ચાલતી પ્રવૃતિઓને અર્થે કેળવણી દ્વારા ચારિતયવાન, શકિતસંપન્ન, કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ તૈયાર કરવાનું છે.

૨. વિદ્યાપીઠ તરફથી ચાલતી તથા તે◌ેણે માન્ય કરેલી પ્રત્યેક સંસ્થા સંપૂર્ણતાએ અસહકારી હશે અને તેથી સરકારનો કોઈ પણ પ્રકારનો આશ્રય નહી લઈ શકે.

૩. વિદ્યાપીઠના શિક્ષકો અને સંચાલકો અહિંસા અને સત્યને અવિરોધી એવાં જ સાધનો સ્વીકારનારા અને અમલમાં મૂકવા પ્રયત્નશીલ હશે.

૪. વિદ્યાપીઠ તથા એણે માન્ય કરેલી સંસ્થાના શિક્ષાકો અને સંચાલકો અસ્પૃશ્યતાને કલંકરૂપ માનનારા અને તેનું નિવારણ કરવા પ્રયત્નશીલ હશે અને કોઈપણ બાળક કે બાળાને અસ્પૃશ્ય હોવાને કારણે બહાર રાખવામાં કે તેને દાખલ કર્યા પછી તેની તરફ નોખી વર્તણુક રાખવામાં નહીં આવે.

૫. વિદ્યાપીઠને અંગે કામ કરનારો શિક્ષકવર્ગ, સંચાલકો તથા માન્ય કરેલી સંસ્થાઓ વગેરે રેંટિયાની પ્રવૃતિમાં માનનારા અને અનિવાર્ય કારણ સિવાય નિયમિત કાંતનારા અને નિરંતર ખાદી પહેરનારા હશે.

૬. વિદ્યાપીઠની નીચે ચાલતી સંસ્થાઓમાં બધા પ્રચલિત ધર્મોને વિશે સંપૂર્ણ આદર હશે અને વિદ્યાર્થીઓના આત્મવિકાસને અર્થે ધર્મનું જ્ઞાન અહિંસા અને સત્યને દ્રષ્ટીમાં રાખીને આપવામાં આવશે.

૭. વિદ્યાપીઠમાં સ્વભાષાને પ્રધાનપદ આપવામાં આવશે અને બધું શિક્ષાણ સ્વભાષા દ્વારા આપવામાં આવશે.

સમજુતી : બીજી ભાષાઓ શીખતાં તે જ ભાષા વાપરવામાં બાધ નહી ગણાય.

૮. વિદ્યાપીઠમાં રાષ્ટ્રભાષા હિંદી-હિન્દુસ્તાનીને આવશ્યક સ્થાન હશે.

નોંધઃ- હિંદી-હિન્દુસ્તાનની એ ભાષા કે જે ઉતરમાં સામાન્ય હિંદુ-મુસલમાન બોલે છે અને દેવનાગરી અને ફારસી લિપિમાં લખે છે.

૯. વિદ્યાપીઠમાં ઔધોગિક શિક્ષાણને બૌદ્ધીક શિક્ષાણના જેટલું જ મહત્વ આપવામાં આવશે અને રાષ્ટ્રના પોષાક જે જે ઉદ્યોગો છે તેને સ્થાન આપવામાં આવશે, બીજાને નહી.

૧૦. ભારતવર્ષનો ઉત્કર્ષ શહેરો ઉપર નહી પણ ગામડાં ઉપર અવલંબે છે, તેથી વિદ્યાપીઠના શિક્ષાકોનો મોટો ઉપયોગ ગામડામાં રાષ્ટ્રપોષાક કેળવણીનો પ્રચાર કરવામાં થશે.

૧૧. કેળવણીનો ક્રમ ઘડવામાં ગ્રામવાસીઓની હાજતનો પ્રધાનપદ આપવામાં આવશે.

૧૨. પ્રજાના શારીરિક વિકાસને અર્થે વ્યાયામ અને અંગમહેનતની તાલીમ વિદ્યાપીઠમાં આવશ્યક ગણાશે.

**(૩) નઈતાલીમનો પ્રયોગ :**

**કેળવણીનો કોયડો**

અંગ્રેજ સરકારને રાજયવહીવટમાં મદદરૂપ થાય એવા અંગ્રેજી જાણનારા વફાદાર હિંદી નોકરિયાતોની જરૂર હતી. એટલે એણે કોલેજ-શિક્ષાણ અને યુનિવર્સિટી શિક્ષણનો વિચાર કર્યો પરંતુ પ્રાથમિક શિક્ષાણ વિશે એ સદંતર બેદરકાર રહી. પરિણામે ભારતમાં અંગ્રેજી અમલ દરમિયાન નિરક્ષારતાનું પ્રમાણ બહુ મોટું હતું. અંગ્રેજ સરકાર હંમેશાં કહયા કરતી કે પ્રાથમિક શિક્ષાણ ફરજિયાત કરવાથી બહુ મોટું ખર્ચ કરવુ પડશે જે ભારત સહન નહીં કરી શકે. વીસમી સદીના પ્રારંભનાં વર્ષોમાં ગોખલેજીએ જયારે વ્યવસ્થાપક સભામાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો ઠરાવ મૂકયો ત્યારે સરકાર તરફથી હિસાબ કરીને એટલું મોટું ખર્ચ બતાવ્યુ કે ગોખલેજીનો ઉત્સાહ ઠંડો પડી ગયો. એ પછી પણ જયારે જયારે ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો સવાલ ઉઠાવવામાં આવતો ત્યારે ખર્ચનું બહાનું બતાવી સરકાર એને ટાળતી રહી. વળી, જે કાંઈ થોડુ પ્રાથમિક શિક્ષાણ ચાલતું એનું ખર્ચ પણ સરકાર દારૂ-અફીણની આવકમાંથી કાઢતી એ ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો આ કોયડો હતો.

**નઈતાલીમના સિદ્ઘાંતો**

ભારતની કરોડોની વસ્તીને સ્પર્શતા સવાલોના સંબંધમાં વિચાર કરતા ગાંધીજી કેળવણી વિશે નીચેના નિર્ણયો પર આવ્યા હતા :

૧. બધી કેળવણી સ્વાશ્રયી હોવી જોઈએ. એટલે કે મૂડી બાદ કરતા બધું ખર્ચ પોતે ઉપાડે.

૨. એ કેળવણીમાં છેવટ લગી હાથનો પૂરો ઉપયોગ થતો હોય, એટલે કે હાથ વડે કંઈક ઉદ્યમ છેવટ લગી થતો હોય.

૩. કેળવણી માત્ર પોતાના પ્રાંતની ભાષ્◌ામાં અપાવી જોઈએ.

૪. આમાં સાંપ્રદાયિક ધર્મને સ્થાન નથી. સાર્વજનિક નીતિને પૂરું સ્થાન હોય.

૫. આ કેળવણી એવી છે કે જેને બાળક કે બીજા શીખે એટલે તે વિદ્યાર્થીના ઘરમાં ને ગામમાં પ્રવેશ કરે.

૬. વળી, આ કેળવણી લેતા કરોડો વિદ્યાર્થીઓ પોતાને હિંદુસ્તાનનું અવિભાજય અંગ ગણશે, તેથી બધા પ્રાંતના વિદ્યાર્થી સમજી શકે એવી એક ભાષા હોવી જોઈએ. આ ભાષા બન્ને લિપિ-નાગરી અને ઉર્દુમાં લખાતી હિંદુસ્તાની જ હોઈ શકે.

**અહિંસા આ યોજનાનું હાર્દ છે.**

'' આપણે કોમી વિખવાદ અને આંતરરાષ્ટ્રીય વિખવાદની જડ કાઢવી હોય તો મેં બતાવી છે એવી કેળવણી પર નવી પેઢીને ઉછેરીને શુદ્ઘ ને સબળ પાયાથી જ શરૂ કરવી જોઈએ. એ યોજનાનો ઉગમ અહિંસામાંથી છે...... જો આપણે આપણાં છોકરાઓનેં શહેરી ન બનાવી દેવાં હોય તો, આ કેવળણી અતિ આવશ્યક છે. આપણે એમને આપણા સંસ્કારના, આપણી સંસ્કૃતિના, આપણા રાષ્ટ્રના સાચા પ્રાણના પ્રતિનિધિ બનાવવાના છે. એ આપણે એમને સ્વાવલંબી પ્રાથમિક કેળવણી આપ્યા વિના ન કરી શકીએ. યુરોપનો દાખલો આપણે માટે નથી. એ એના કાર્યક્રમો હિંસાની દ્રષ્ટીએ ગોઠવે છે કેમ કે એને હિંસા પર વિશ્વાસ છે........ જો હિંદુસ્તાને હિંસાનો ત્યાગ કરવાનો નિર્ધાર કર્યો હોય તો આ શિક્ષાણપદ્ઘતિ એ તેને માટેની સાધનાનું એક આવશ્ક અંગ છે. આપણને કહેવામાં આવે છે કે ઈંગ્લેન્ડ કેળવણીની પાછળ કરોડો ખર્ચે છે, અમેરિકા પણ ખર્ચે છે, પણ આપણે ભુલી જઈએ છીએ કે એ બધી દોલત બીજાઓને લૂંટીને મેળવવામાં આવે છે, એ લોકોએ શોષણની કળાનું એક સંપૂર્ણ શાસ્ત્ર બનાવી મુકયુ છે, એટલે એમને એમનાં છોકરાઓને એવી ખર્ચાળ કેળવણી આપવી પોસાય. આપણે બીજાઓને સૂચવાનો વિચાર કરી શકવાના નથી, કરવાના નથી, એટલે આપી પાસે અંહિસા પર રચાયેલી આ શિક્ષણપદ્ઘતિ સિવાય બીજો રસ્તો જ નથી.''

'' અંહિસા આ યોજનાનું હાર્દ છે જ. જેઓ આ યોજના સ્વીકારે છે તેઓ એટલી હકીકતનો સ્વીકાર કરે છે કે, કરોડો ભૂખ્યાં માણસોની ભૂમિમાં એમનાં બાળકોને બીજી કોઈ રીતે શિક્ષાણ આપી જ ન શકાય, અને જો આ યોજના ચાલતી કરી શકાય તો એમાંથી નવી અર્થવ્યવસ્થાનો જન્મ થશે. એટલું મારે માટ બસ છે... અમે નથી કોઈને ચૂસવા માગતા, કે નથી કોઈને હાથે સુચાવા માગતા. આ યોજના દ્વારા અમે સર્વ બાળકોને કંઈક ઉત્પાદન કરતાં બનાવવાની ને એમ કરીને આખા રાષ્ટ્રની મુખમુદ્રા બદલવાની આશા સેવીએ છીએ.''

'' સત્ય અને અહિંસા- આ મુખ્ય ગુણોનું પાલન આ યોજનાનું મૂળ છે. અને તેથી જો આ તમે તમારા વિદ્યાર્થીઓ સાથેના રોજરોજના વહેવારમાં નહી બતાવો અને એને છાજતુ ચારિત્રય નહી રાખો, તો તમે અને તમારી નિશાળ નિષ્ફળ હશે. હિટલર જર્મનીમાં શું કહે છે એની તમને ખબર છે. એનો સિદ્ઘાંત હિંસા છે, અને તે છડેચોક જાહેર કરે છે... છોકરા અને છોકરીઓને ત્યાં શરૂઆતથી જ હિંસા શીખવવામાં આવે છે. એમના અંકગણિતમાં પણ દુશ્મનને ધિકકારવાનું શીખવવામાં આવે છે... એ જ વસ્તુ ઈટાલીમાં બને છે. મને ખાતરી છે કે, જો આ યોજના (વર્ધા શિક્ષણ યોજના) નો સાંગોપાંગ અમલ કરવામાં આવે અને જો તે હિંદુસ્તાનમાં પ્રચલિત થાય, તો એક શાંત ક્રાંતિ થશે.''

**:: સંદર્ભગ્રંથ સૂચી ::**


- ગાંધીજીનું ધર્મદર્શન મ.જો. પટેલ યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ- અમદાવાદ
- મહાત્મા ગાંધીની કેળવણી ની ફિલસુફી ડો.મણીભાઈ શિવાભાઈ પટેલ નવજીવન પ્રકાશન મંદિર-અમદાવાદ
- ગાંધીજીનું ધર્મદર્શન પ્રો.મગનભાઈ મે.પટેલ યુનિ. ગ્રંથ નિર્માણબોર્ડ ગુજરાત રાજય- અમદાવાદ
- મહાત્મા ગાંધીજીનો સંદેશ યુ.એસ. મોહનરાઈ પબ્લીકેશન્સ ડિવિઝન ભારત સરકાર